
આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૦૫ | ૨૪ જૂન ૨૦૧૨, રવિવાર, અષાઢ સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦

## ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહના બીજા સેમેસ્ટરના ગાંધીનગર શહેરના તેજસ્વી તારલાઓ....



હર્ષિત પટેલ | સંકેત ભાવનગરીયા | રૂચા પટેલ | સુહાની અગ્રવાલ | ધારા પટેલ | સાર્થક ગોહિલ | કિરણ સહેદાદપુરી | વૈદિક પટેલ | અમન ચૌહાણ | ધ્રુવ પટેલ | મયંક પટેલ

# ધો. ૧૧ વિજ્ઞાન પ્રવાહના બીજા સેમેસ્ટરનું પરિણામ

## ગાંધીનગર જિલ્લાનું ૬૬.૯૫ ટકા પરિણામ

### નોંધાયેલ પૈકી ૨૦ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ગેરહાજર રહ્યા હતા : સૌથી ઓછુ માણસા કેન્દ્રનું ૨૧.૯૪ ટકા પરિણામ

ગાંધીનગર, તા. ૨૩

ધો. ૧૧ વિજ્ઞાન પ્રવાહમાં દ્વિતીય સેમેસ્ટરની પરીક્ષાનું આજે માધ્યમિક શિક્ષણ બોર્ડે પરિણામ જાહેર કર્યુ હતું. જિલ્લામાંથી નોંધાયેલા ૫૮૨૮ પૈકી ૫૮૧૮ વિદ્યાર્થીઓએ દ્વિતીય સેમેસ્ટરની પરીક્ષા આપી હતી. જિલ્લાનું પરિણામ ૬૬.૯૫ ટકા જાહેર કરાયું છે. જિલ્લાના ૧૯૩૩ જેટલા વિદ્યાર્થીઓને પરીક્ષામાં સફળતા મળી નથી.

ગત એપ્રિલ મહિનામાં લેવાયેલી ધો. ૧૧ વિજ્ઞાન પ્રવાહની દ્વિતીય સેમેસ્ટર પરીક્ષાનું આજે પરિણામ જાહેર થયું હતું. ગાંધીનગર જિલ્લાનું પરિણામ ૬૬.૯૫ ટકા આવ્યું છે. પરીક્ષામાં બેઠેલા ૫૮૧૮ વિદ્યાર્થીઓ પૈકી એ-૧ ગ્રેડમાં ૮ વિદ્યાર્થીઓ, એ-૨માં ૨૪૦, બી-૧ માં ૫૬૯, બી-૨ માં ૮૯૪, સી-૧માં ૧૧૯૭, સી-૨માં ૮૮૪ જ્યારે ડી-ગ્રેડમાં ૧૦૩ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત જિલ્લાના ૧૯૩૩ વિદ્યાર્થીને સુધારણાની અનિવાર્યતા હોવાનું ધ્યાને આવ્યું છે. અલબત્ત ડી. પછીના ગ્રેડમાં આવતા આ વિદ્યાર્થીઓને પરીક્ષામાં સફળતા મળી હતી. જ્યારે ગાંધીનગર કેન્દ્રનું પરિણામ ૬૯.૩૪ ટકા જાહેર થયુંછે. જ્યારે માણસા તાલુકાનું પરિણામ સૌથી ઓછુ માત્ર ૨૧.૯૪ ટકા જ આવ્યું છે. રાજ્યમાં ૪૯૮૩૬ વિદ્યાર્થીઓને પરિણામ સુધારવાની જરૂરીયાત હોવાનું પ્રકાશમાં આવ્યું છે. માણસા સેન્ટરમાં ૧૫૫ પૈકી ૧૨૧ વિદ્યાર્થીઓનો તેમાં સમાવેશ થાય છે. જ્યારે કલોલ સેન્ટરમાં પણ ૫૮.૦૫ ટકા પરિણામના અંતે ૯૯ પરીક્ષાર્થીઓને નીડ ઈમ્પ્રુવમેન્ટની જરૂરીયાત હોવાનું આંકડાકીય માહિતી પરથી સ્પષ્ટ થયું છે. ગાંધીનગર કેન્દ્રો સહિત જિલ્લામાં નોંધાયેલ વિદ્યાર્થીઓ પૈકી ૨૦ વિદ્યાર્થીઓ પરીક્ષામાં એપિઅર્ડ થયા ન હતા.

## જિલ્લા કયા કેન્દ્રનું કેટલું પરિણામ

| કેન્દ્ર | નોંધાયેલ વિદ્યાર્થીઓ | પરીક્ષામાં હાજર | ઉત્તિર્ણ થયેલ | નાપાસ થયેલ | ટકાવારી |
|---|---|---|---|---|---|
| ગાંધીનગર | ૪૬૫૦ | ૪૬૪૪ | ૩૨૨૦ | ૧૪૨૪ | ૬૯.૩૪ |
| કલોલ | ૨૩૮ | ૨૩૬ | ૧૩૭ | ૯૯ | ૫૮.૦૫ |
| માણસા | ૧૫૫ | ૧૫૫ | ૩૪ | ૧૨૧ | ૨૧.૯૪ |

## બીજા સેમેસ્ટરમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ ચોથા સેમેસ્ટર સાથે પરીક્ષા આપશે

ગાંધીનગર, તા.૨૩

ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહના બીજા સેમેસ્ટરનું પરિણામ ખૂબ નીચું આવ્યું છે. બીજા સેમેસ્ટરમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ ચોથા સેમેસ્ટર સાથે પુનઃ પરીક્ષા આપી શકશે.

સમગ્ર રાજયનું પરિણામ માત્ર ૬૧.૨૭ટકા આવ્યું છે. ૭૨ હજારથી વધુ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. બીજા સેમેસ્ટરની પરીક્ષા વર્ણનાત્મક પ્રકારની હતી. બીજા સેમેસ્ટરમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ ચોથા સેમેસ્ટરની પરીક્ષા સાથે જ બીજા સેમેસ્ટરની પુનઃ પરીક્ષા આપી શકશે. ચોથા સેમેસ્ટરના પરીણામની સાથે જ પુનઃ પરીક્ષા આપેલા વિદ્યાર્થીઓનું પરિણામ જાહેર કરાશે જેથી તેમનું વર્ષ ન બગડે.

## ગાંધીનગર શહેરનું ૬૯.૩૪ ટકા પરિણામ

### બીજા સેમેસ્ટરનું પરિણામ નીચુ આવતા વિદ્યાર્થીઓ હતાશ કેમેસ્ટ્રી અને ફિઝિક્સમાં સૌથી વધુ વિદ્યાર્થીઓ ધોવાયા

ગાંધીનગર, તા. ૨૩

ધો. ૧૧-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં સેમેસ્ટર પદ્ધતિ દાખલ થયા બાદ પ્રથમ વખત યોજાયેલી બીજા સેમેસ્ટરની પરીક્ષાનું પરિણામ આજે બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવ્યું છે. ગાંધીનગર કેન્દ્રનું પરિણામ ૬૯.૩૪ ટકા જાહેર થયું છે.

આજે વહેલી સવારે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની વેબસાઈટ પર પરિણામ જાહેર કરાતા વિદ્યાર્થીઓએ પરિણામ મેળવવા પડાપડી કરી હતી. શહેરના સાયબર કાફે પર પરિણામની પ્રિન્ટ આઉટ મેળવવા શનિવારે આખો દિવસ ભીડ રહી હતી. ધો. ૧૧ વિજ્ઞાન પ્રવાહમાં સેમેસ્ટર પદ્ધતિનો અમલ કરાયા બાદ સૌ પ્રથમવાર યોયેલી બીજા સેમેસ્ટરની પરીક્ષાના પરિણામ બાબતે વાલીઓ અને વિદ્યાર્થીઓમાં ખુબ ઉત્તેજના જોવા મળી હતી. અગાઉ ક્યારેય આ પદ્ધતિ અનુસાર પરીક્ષાઓ યોજાઈ ન હોવાથી શિક્ષકો પણ થોડીક મુંજવણ અનુભવી રહ્યા હતા. પ્રથમ સેમેસ્ટરની પરીક્ષા એમસીક્યુ એટલે કે બહુ વિકલ્પ પ્રકારની હતી.જ્યારે બીજા સેમેસ્ટરની પરીક્ષા વર્ણાનાત્મક હતી.

ગઈરાત્રે જાહેર થયેલા પરિણામે ગાંધીનગરના વિદ્યાર્થીઓને નિરાશ કર્યા છે. ગાંધીનગર કેન્દ્રનું પરિણામ માત્ર ૬૯.૩૪ ટકા રહ્યું છે. ગાંધીનગર કેન્દ્રમાંથી ૪૬૪૪ વિદ્યાર્થીઓએ બીજા સેમેસ્ટરની પરીક્ષા આપી હતી. તેમાંથી ૩૨૨૦ વિદ્યાર્થીઓ પાસ થયા છે જ્યારે ૧૪૨૪ જેટલા વિદ્યાર્થીઓ સફળ થયા નથી. આ વર્ષે કેમેસ્ટ્રી અને ફિઝિક્સના પેપર ખુબ અઘરા અને લેન્ધી પુછાયા હતા. તેની અસર પરિણામ પર જોવા મળી રહી છે. જે વિદ્યાર્થીઓ પાસ થયા છે. તેમના માર્કસ આ બે વિષયમાં ઓછા આવ્યા છે.

## TVના રીમોટ મળશે

આપનું કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે

સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ

ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૧૧૫.
મો ૯૪૨૬૪૪૨૭૮૫, ૯૭૧૪૧૯૮૩૬૬

## દક્ષિણ ગુજરાત-સૌરાષ્ટ્રમાં વરસાદી ઝાપટા

અમદાવાદ, તા.૨૩

અમદાવાદ શહેરમાં આજે વરસાદે વિરામ રાખ્યો હતો પરંતુ સુરત, વલસાડ અને સૌરાષ્ટ્રના ઘણાં વિસ્તારોમાં આજે વરસાદી ઝાપટા પડ્યા હતા. રાજ્યમાં આજે સૌથી વધુ ગરમી અમદાવાદમાં ૩૯.૨ ડીગ્રી નોંધાઈ હતીજ્ હવામાન વિભાગની આગાહી છે કે આવતીકાલે અમદાવાદમાં આકાશ વાદળછાયુ રહેશે અને સાંજે કે રાત્રે ગાજવીજ સાથે વરસાદનું એકાદ ઝાપટુ પડવાની શક્યતા છે.

જ્યારે રાજ્યના તમામ જિલ્લા, દીવ, દમણ અને દાદરા-નગર-હવેલીમાં કેટલાક સ્થળોએ વરસાદના હળવાથી મધ્યમ ઝાપટા પડવાની શક્યતા છે. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૩૯.૨ ડીગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૬.૭ ડીગ્રી નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ સવારે ૮.૩૦ વાગ્યે ૭૮ ટકા અને સાંજે ૫.૩૦ વાગ્યે ૪૭ ટકા નોંધાયુ હતું. રાજ્યમાં આજે ડીસામાં ૩૮.૦, ગાંધીનગર ૩૭.૮, સુરેન્દ્રનગર અને ઈડરમાં ૩૮.૬ ડિગ્રી નોંધાયું હતું. રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં આજે પણ સવારથી મિશ્ર વાતાવરણ યથાવત રહ્યું છે. જ્યારે કાલે રાત્રીનાં રાજકોટ-અમદાવાદ હાઈવે ઉપરનાં લીંબડીમાં ૧૬૦ મીમી એટલે કેસાડા છ ઈંચ વરસાદપડ્યો હતો.

જેના કારણે રાત્રીનાં વાહનચાલકોને ભારે મુશ્કેલીપડી હતી. ભારે બફારા બાદ ધોધમાર વરસાદ વરસતા હાઈવે ઉપર ગામમાં પાણી ભરાયા હતા. આ ઉપરાંત સુરેન્દ્રનગર જિલ્લાનાં અન્ય તાલુકામાં પણ ઝાપટાથી માંડીને એકાદ ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. રાત્રીનાં ગાજવીજ સાથે વરસાદ વરસ્યો હતો. જે બગોદરાથી લીંબડી, સાયલા સહિતનાં વિસ્તારોમાં પણ પડ્યો હતો. આજે જામનગર, ભાવનગર પંથકમાં તડકાવાળુ વાતાવરણ છવાયું હતું.







## Stockiest List - Gandhinagar Dist. S. P. : N. M. Enterprise Gandhinagar - 99099 41892

| Customer Name | City | Mobile No. | Customer Name | City | Mobile No. |
|---|---|---|---|---|---|
| SHREE BRAHMANI TRADERS | ADALAJ | 97236 61259 | MAN ENTERPRISE | KUDASAN | 94270 21817 |
| SHREE PRAMUKH TRADERS | ALAMPUR | 98255 77299 | SHIVSHAKTI TRADERS | LEKAVADA | 99091 82726 |
| SANJAR SALES | BAHIYAL | 98794 09003 | BRAHMANI TRADING COMPANY | LIMBODARA | 99984 90278 |
| SHRI JALARAM TRADERS | CHANDRALA | 98983 10599 | AVADHOOT TRADERS | MAGODI | 9898790407 |
| MITA ENTERPRISES | CHHALA | 98988 01021 | SIDHESHWARI CEMENT DEPO | MUBRAKPUR | 94290 63823 |
| AESHVI ENTERPRISE | CHILODA | 99253 74003 | VIJAY TRADERS | PALAJ | 99040 81428 |
| UMIYA PLYWOOD | CHILODA | 99250 31083 | SHREE LAXMINARAYAN TRADING CO. | PETHAPUR | 99789 12064 |
| HET TRADERS | DABHODA | 81410 17688 | GURUKRUPA TRADERS | RAKHIAL | 96011 94730 |
| SHRI RAJ TRADERS | DEHGAM | 99748 54284 | PATEL KAMLESH DAHAYABHAI | RANDHEJA | 98242 81435 |
| DEV TRADER & BUILDING MATERIAL | DEHGAM | 99259 58281 | AMRUTLALA NATHALALSHAH | SADRA | 94284 15202 |
| DHANLAXMI STEEL TRADERS | GANDHINAGAR | 97260 42556 | HETAL TRADERS | SHERTHA | 99984 66457 |
| JAY BHAVNI TRADERS | GANDHINAGAR | 99987 44955 | YOGESHWAR TRADERS | VALAD | 97376 81797 |
| JAY VISAT PIPE TRADERS | GANDHINAGAR | 94284 07632 | SHREE BHAVANI TRADERS | VAVOL | 99247 40778 |
| DALWADI BUILDING MATERIAL SUPP. | GANDHINAGAR | 98981 92761 | SHRI MAHAKALI TRADERS | ZAK | 98258 96111 |
| BHAGWATI MARKETING | GANDHINAGAR | 99250 17137 | Company Markteing Staff : | | |
| SHREE GANESH STEEL CORPORATION | GANDHINAGAR | 98986 11879 | Kartikey Vyas | | 98796 05116 |
| BRAHMANI TRADERS | KOBA | 99245 06106 | Kinshuk Dave | | 83475 57002 |

